મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૯ ટકા
ગાંધીનગર તાપમાન




નવરાત્રીનો પ્રારંભ થઈ ગયો છે પરંતુ આ વખતે ગરબા થવાના ન હોવાથી આ તહેવારનો ઉત્સાહ ક્યાંય જોવા મળતો નથી પરંતુ શહેરના મંદિરોમાં આરતી અને રોશની કરવામાં આવી છે. સેકટર-૩, ૪, ૫, ૭ અને સેકટર-૧૨ના મંદિરો વિવિધ પ્રકારની રોશનીથી ઝળહળી રહ્યાં છે. શેરી નવરાત્રીઓના ચાચર ચોકમાં માતાજીની માંડવીનું સ્થાપન શ્રધ્ધાપૂર્વક કરી દેવામાં આવ્યું છે પરંતુ શ્રધ્ધાળુઓની હાજરી પાંખી જોવા મળી રહી છે. સરકારની કોવિડ-૧૯ને અનુલક્ષીને નવરાત્રી માટે જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન અનુસાર મર્યાદિત સંખ્યા અને સોશ્યલ ડિસ્ટન્સ સહિત ફરજિયાત માસ્ક અને સેનેટાઈઝરના નિયમોનું પાલન કરવાનું હોવાથી આ સ્થિતિ સર્જાવી સ્વાભાવિક હતી. વળી, માત્ર એક જ કલાકમાં આરતી-પૂજાનો કાર્યક્રમ આટોપી લેવાનો રહે છે જેમાં આરતી પણ ફરજિયાત રેકોર્ડેડ વગાડવાનો નિમય છે. આ વર્ષે પહેલીવાર શહેરમાં 'ગરબાવિહીન' નવરાત્રી યોજાઈ રહી છે જે એક તાજ્જુબ સમાન ભાસી રહી છે. જો કે મોટાભાગના શ્રધ્ધાળુઓ પોતાના ઘરમાં જ માતાજીની આરતી-સ્તુતિ-પ્રાર્થના-પૂજા કરીને પોતાની શ્રધ્ધા સાથે નવરાત્રીની ભાવપૂર્ણ ઉજવણી કરી રહ્યા છે.



શહેરમાં બેવડી ઋતુના પગલે રોગચાળો વકર્યો

કોરોનાના ભય ઉપરાંત ચીકનગુનિયા, ડેન્ગ્યુ, મેલેરીયા અને સામાન્ય શરદી-ખાંસીના દર્દીઓ વધ્યા

ગાંધીનગર, તા.૧૮

હાલમાં ઋતુનો સંધિકાળ ચાલી રહ્યો છે. વર્ષાઋતુ સમાપ્તિને આરે છે અને હવે ટૂંક સમયમાં શિયાળો શરૂ થશે તેવા સમયે હાલમાં બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. બેવડી ઋતુના પરિણામે સિઝનલ રોગચાળો વકર્યો છે.

ઓકટોબર માસ એટલે ઋતુઓનો સંધિકાળ. ગુજરાતમાંથી વરસાદે વિદાય લીધી છે. ટૂંક સમયમાં શિયાળો શરૂ થશે પરંતુ તે પહેલાનો સમય બેવડી ઋતુનો ચાલી રહ્યો છે. દિવસે ખૂબ જ ગરમી અને બફારો અનુભવાય છે જયારે મોડી રાત્રે ઠંડક થઈ જાય છે. સવારે ઝાકળ પણ પડે છે. બેવડી ઋતુના કારણે રોગચાળો વકર્યો છે. આ વર્ષે વરસાદ ખૂબ જ પડ્યો છે જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધુ રહ્યો છે. મચ્છરોનો ઉપદ્રવ વધતા મેલેરિયા, ઝેરી મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવો રોગચાળો વધ્યો છે. ચિકનગુનિયાનો રોગચાળો તો ખૂબ જ જોવા મળી રહ્યો છે. ડોકટરોના દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. હાલમાં કોરોનાનો ભય તો છે જ પરંતુ મચ્છરજન્ય રોગચાળો અને સામાન્ય શરદી ખાંસીના દર્દીઓ ખૂબ વધી ગયા છે. બેવડી ઋતુની સ્વાસ્થ્ય પર માઠી અસર થઈ રહી છે.

ચિરવિદાય

- સ્વ. દુર્ગવિજયલાલ કુલદીપ શ્રીવાસ્તવ, સે-૨૯, ગાંધીનગર
- સ્વ. નિતાબેન ગિરીશભાઈ વસાવડા, ઉ.વ. ૬૪, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. વિહાજી કાનાજી મકવાણા, ઉ.વ. ૬૭, ઈન્દ્રોડા, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર મંગુબેન જેસંગજી, ઉ.વ. ૬૫, ચાંદીસણા, તા. કલોલ
- સ્વ. જવાનજી ચુંડાજી ઠાકોર, ઉ.વ. ૬૫, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. સવિતાબેન શંકરભાઈ વાઘેલા, ઉ.વ. ૫૨, બોરીજ, તા. ગાંધીનગર
- સ્વ. વિઠ્ઠલભાઈ મોતીભાઈ દરજી, ઉ.વ. ૮૦, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. વાઘેલા અર્જુનસિંહ, મોતીસિંહ, ઉ.વ. ૭૬, પેથાપુર, ગાંધીનગર

ગાંધીનગરની ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ દ્વારા તારીખ ૧૮ ઓક્ટોબરના રોજ સવારે ૧૦ વાગ્યે સેક્ટર-૨૪ની ગરીબ વસાહત ખાતે માસ્ક વિતરણ પ્રમુખ રાધેશ્યામ યાદવ, ઉપપ્રમુખ ડૉ. ગુલાબચંદ પટેલ, કાંતિભાઈ પટેલ એડવોકેટ, મહેન્દ્રભાઈ ચૌહાણ, મંગળદાસ ઉપપ્રમુખ લાલસિંહ અને અન્ય પદાધિકારીઓ દ્વારા બાળકો, મહિલાઓ અને મોટા વ્યક્તિઓને ઈન્ડિયન લાયન્સ ગાંધીનગર દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું અને બાળકોને ડૉ. ગુલાબચંદ પટેલ ઉપપ્રમુખ દ્વારા ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાર્થના કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. અંતમાં રાષ્ટ્રગીત બાળ કલાકારો અને વસાહતના ભાઈ-બહેનોએ ગાયું હતું અને કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

અક્ષરધામ ૨૫મીથી ભકતો માટે ખુલ્લુ મુકાશે

સાંજે પાંચથી સાડા સાત સુધી ભકતોને પ્રવેશ અપાશે : વૉટર શો ચાલુ થશે જયારે તમામ પ્રદર્શન ખંડ બંધ રહેશે

ગાંધીનગર, તા.૧૮

કોરોનાના કારણે માર્ચ મહિનાથી બંધ રહેલું અક્ષરધામ મંદિર ૨૫મીથી ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સોમવાર સિવાય સાંજે પાંચ થી સાડા સાત દરમિયાન ભાવિકોને મંદિરમાં પ્રવેશ અપાશે.

કોરોનાના વધતા સંક્રમણને પગલે ગત માર્ચ મહિનાથી બંધ રહલું અક્ષરધામ મંદિર ખોલવાનો નિર્ણય લેવાયો છે. બીએપીએસ સંસ્થાએ આગામી તા. ૨૫મીથી ગાંધીનગરનું સુપ્રસિધ્ધ અક્ષરધામ મંદિર ખોલવાનો નિર્ણય લીધો છે. સાંજે પાંચથી સાડા સાત સુધી ભાવિકોને મંદિરમાં પ્રવેશ અપાશે. ભાવિકો

સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે દર્શન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. સરકારે બહાર પાડેલી ગાઈડલાઈન અનુસાર જ ભાવિકોને અને મુલાકાતીઓને મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે.

ગાંધીનગરનું અક્ષરધામ મંદિર પ્રવાસીઓમાં ખૂબ જ લોકપ્રિય છે. દરરોજ હજારોની સંખ્યામાં ભાવિકો અને મુલાકાતીઓ દૂર દૂરથી અહીં દર્શન કરવા માટે આવે છે. મુખ્ય મંદિર ઉપરાંત વિવિધ પ્રદર્શન ખંડ, વોટર શૉ, વિવિધ રાઈડસ, પ્રેમવતી ઉપહાર ગૃહ વગેરેનું આકર્ષણ મુલાકાતીઓમાં સવિશેષ રહે છે. અક્ષરધામ પરિસરમાં વિકસાવાયેલ વિશાળ ગાર્ડનની મુલાકાત લેવાનું પણ મુલાકાતીઓ ચુકતા નથી. કોરોનાના સમયગાળામાં બંધ કરાયેલું આ મંદિર સાત મહિનાના લાંબા વિરામ બાદ શરૂ થતાં સંચાલકોએ સાવચેતીના તમામ પગલાં ઉઠાવ્યા છે. ૨૫મી ઓકટોબરથી ખુલ્લા મુકાનારા મંદિરમાં માત્ર અઢી કલાક દરમિયાન જ પ્રવેશ અપાશે. ભાવિકોની વધુ ભીડ ન થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૫મીથી માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે મંદિરમાં દર્શન કરી શકાશે. સવા સાતે વોટર શૉ યોજાશે. આ ઉપરાંત બુક સ્ટોર અને પ્રેમવતી ઉપહાર ગૃહની મુલાકાત પણ લઈ શકાશે પરંતુ પ્રદર્શન ખંડ હજુ બંધ જ રહેશે.

ધણપ માધવ કોર્પોરેશન પાસેથી ૩૫ લાખના ડમ્પરની ચોરી

ગાંધીનગર, તા.૧૮

ચિલોડા-હિંમતનગર હાઈ-વે માર્ગ પર આવેલા ધણપ ગામની સીમમાં માધવ કોર્પોરેશન પાસે પાર્ક કરેલું ડમ્પર ચોરાયું છે. ગત. તા.૧૬ ના રોજ રાત્રીના અઢી ત્રણ વાગ્યાના અરસામાં પાર્ક કરેલું ડમ્પર સવારે ૧૧ વાગે લેવા માટે આવતા સ્થળ પરથી રૂ.૩૫ લાખનું ડમ્પર ગાયબ હતું. બનાવ અંગે મહેશ દેસાઈએ ફરીયાદ નોંધાવતા ચિલોડા પોલીસે ગુનો નોંધી ડમ્પર શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ સોલા વિસતનગર રબારી વાસ ખાતે રહેતા મહેશ રણછોડભાઈ દેસાઈ પાસે ૧૨ વ્હીલનું જી.જે.૧૮.બી.ટી. -૬૧૬૧ નંબરનું ડમ્પર હતું. જેમાં ડ્રાઈવર રાખીને રેતીના ફેરા મારતા હતા. ગત તા. ૧૫ ના રોજ ડ્રાઈવર પ્રાંતિજના સીતવાડા ખાતે રેતીની લીઝ ખાતે ગયો હતો અને રેતી ભરીને સઈજ ખાતે રાત્રીના સાડા અગીયાર વાગે ડમ્પર ખાલી કર્યું હતું. ડમ્પર લઈને નીકળેલા ડ્રાઈવરને ફરીયાદીએ ડમ્પર ધણપ ગામે માધવ કોર્પોરેશન ખાતે મુકવા માટે જણાવ્યું હતું અને ચાવી સાથે લઈ જવા માટે કહ્યું હતું. ડ્રાઈવરે સવારના ડમ્પરની ચાવી છાલા પાસે ફરીયાદીના સાળાને આપી હતી. ત્યારબાદ તેઓ ધણપ ડમ્પર લેવા માટે સાડા દશ વાગ્યાના અરસામાં પહોંચી ગયા હતા. પરંતુ ડમ્પર ન હતું, જેથી ફરિયાદી સહિતના વ્યકિતઓ ધણપ પહોંચી ગયા હતા. ફરીયાદીએ ડ્રાઈવરને પુછતા તેણે રાત્રી અઢી વાગે ડમ્પર મુક્યું હોવાનું કહ્યું હતું. જેથી ફરીયાદીએ ગાડીમાં ફીટ કરેલી જીપીએસ સિસ્ટમ પોતાના મોબાઈલમાં ચેક કરતા ગાડીનું છેલ્લું લોકેશન ધણપ ગામનુ રાત્રીના ૩ વાગ્યાનું બતાવતું હતું. જો કે ત્યારબાદનું લોકેશન દેખાડતુ ન હતું. બે દિવસ પોતાની રીતે શોધખોળ કરવા છતા ડમ્પર નહી મળી આવતા ડમ્પર માલિકે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ૩૫ લાખના ડમ્પરની ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કોઈ પણ રોગનો આધ્યાત્મિક શકિતથી સામનો કરશો તો સફળતા જરૂર મળશે

છેલ્લા છ વર્ષથી ફેફસાના કેન્સર સામે લડી રહેલા ગાંધીનગરના વસંતભાઈ પાટીલનો જુસ્સો જોઈ સૌ કોઈ દંગ રહી જાય છે : એક ફેફસું નકામું થઈ ગયું છે અને ડબલ ડોઝની કીમોથેરેપી છતાં ઓફિસમાં તેમની મેડિકલ લીવ વપરાયા વગર પડી રહે છે : સરકાર સારવારનો ખર્ચ આપે છે તો મારી પણ નોકરી કરવાની ફરજ છે : વસંતભાઈ

ગાંધીનગર, તા.૧૮

વિશ્વમાં કોરોના મહામારીએ એવો ભરડો લીધો છે કે સામન્ય માનવીથી માંડીને સરકાર સહિત સૌ કોઈ આઠ માસનો સમયગાળો વીતવા છતાં એ બાબતે અવઢવમાં છે કે આ પરિસ્થિતિનો અંત ક્યારે આવશે. આ મહામારીમાં વિશ્વના ચાર કરોડ જેટલાં નાગરિકો સંક્રમિત થયા છે અને ૧૧ લાખથી વધુ દર્દીઓના મોત થઈ ચુકયા છે. આ સ્થિતિમાં નાગરિકોનો એક વર્ગ એવો છે જે આ બિમારી લાગી ના જાય તે માટે ચિંતિત છે. બીજી તરફ અનેક આરોગ્ય વિષયક નિષ્ણાંતોનું કહેવું છે કે કોરોના વાયરસ કરતા વધુ મૃત્યુઆંક અન્ય ગંભીર બિમારીઓ જેવી કે કેન્સર કે ટીબી વગેરેથી નોંધાય છે તેથી આ મહામારીથી સતર્ક રહેવાની જરૂર છે પરંતુ ડરવાની જરૂર નથી. એક સમયે એવું માનવામાં આવતું હતું કે કેન્સર એટલે 'કેન્સલ', પરંતુ હવે તે પરિસ્થિતિમાં મહદ અંશે સુધારો આવી રહ્યો છે અને કોઈ પણ દર્દીમાં દર્દીનું મનોબળ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે જેમ કે ગાંધીનગરના એક પદ્ધ વર્ષીય સરકારી કર્મચારી છેલ્લા છ વર્ષથી ફેફસાના કેન્સરથી પીડાઈ રહ્યા છે પરંતુ તેઓ મજબૂત મનોબળ અને આધ્યાત્મિક શકિતના જોરે પોતાનું એક ફેફસું તદ્દન નકામું થઈ ગયું હોવા છતાં બિમારી સામે તેઓ સ્હેજ પણ નમતું જોખતા નથી અને ડબલડોઝની કીમોથેરેપી લઈને પણ એજ દિવસે પોતાની ફરજ પર હાજર

સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

થઈ જાય છે.

ગુજરાત સરકારના સિંચાઈ વિભાગમાં સરદાર સરોવર નિગમ ખાતે કાર્યરત વસંતભાઈ આર. પાટીલને વર્ષ ૨૦૧૪માં ફેફસાનું કેન્સર લાગુ પડયું હતું ત્યારથી માંડીને અત્યાર સુધીમાં તેઓ તેની સારવારની લગભગ બધી જ પ્રક્રિયામાંથી પસાર થઈ ચુકયા છે અને હવે તેમની સારવારની નવેસરથી બીજી સાયકલ શરૂ કરવામાં આવી છે જેમાં તેમને બમણાં ડોઝની કીમોથેરેપી આપવામાં આવી રહી છે. કોરોના વાયરસ જે દર્દી પહેલાથી અન્ય ગંભીર બિમારીનો ભોગ હોય તેને સૌથી વધુ અસર કરે છે તેમ છતાં તેઓએ લોકડાઉન દરમિયાન પણ સતત પોતાની નોકરી ચાલુ રાખી હતી. તેમની બિમારીના કારણે તેમને ચાલુ પગારે પણ હાજર રહેવામાંથી મુકિત મળી શકે તેમ હતું છતાં તેમના જુસ્સા સામે તેમની બિમારી પણ વામણી પડી રહી છે. તેઓ માને છે કે 'નિયમ મુજબ મારી સારવારનો ખર્ચ સરકાર ભોગવે છે તો મારી પણ સરકાર પરત્વે ફરજ છે કે હું કાર્ય કરવા સક્ષમ હોઉં તો નિષ્ઠાપૂર્વક ફરજ બજાવું અને મૃત્યુ તો દરેકનું નશ્ચિત છે તેના પર વિજય મેળવવાનો છે તેનાથી હારીને કે ડરીને ભાગી જવાનું નથી.' પોતાને જાહેરમાં રહેવાથી બળ મળતું હોવાનુ માનતા વસંતભાઈ મૂળ સાબરકાંઠા જિલ્લાના જાદર ગામના વતની છે અને ૧૯૮૪માં સિંચાઈ વિભાગમાં નોકરી મળ્યાં પછી હિંમતનગર અને કલોલ જેવા સ્થળોએ નોકરી કર્યા પછી ૧૯૯૬થી ગાંધીનગર બદલી થતાં અહીં સ્થાયી થયા છે. આધ્યાત્મિક જ્ઞાન વિષયે પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા કરનાર વસંતભાઈ 'બ્રહ્માકુમારીઝ' સાથે વર્ષોથી સંકળાયેલા છે. વર્ષ ૨૦૧૪માં તેમને શરદી-ખાંસીની વધુ પડતી તકલીફ થતાં સ્થાનિક તબીબે ટીબી

હોવાની શકયતા વ્યકત કરી જેના પગલે તેમણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ટીબીની સારવાર લેવાનું શરૂ કર્યું હતું. જો કે આ સારવાર દરમિયાન એકવાર ઓરલ એનેસ્થેસિયા આપીને તેમની પીઠમાં કાણું પાડી ફેફસામાંથી પાણી કાઢવામાં આવ્યું ત્યારે રીએકશનના કારણે તેમની તબિયત ખૂબ લથડી ગઈ અને તેમનું ઓકિસજન લેવલ ઘટી ગયું જેના કારણે તુરંત અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટીબી વિભાગમાં મોકલવામાં આવ્યા હતા. અહીં પણ બે ત્રણ મહીનાની સારવાર છતાં સતત એવું લાગ્યું કે તેમને ટીબી નથી તેથી તેમની પાંસળીમાં ફરી કાણું પાડી તેમાંથી પાણી કાઢી તેની બાયોપ્સી કરાવતાં તેમને ફેફસાનું કેન્સર 'મેજોથેલિયોમા' હોવાનું નિદાન થયું હતું. આ એ કેન્સર છે જે ક્રિકેટર યુવરાજસિંહને થયું હતું.

કેન્સરની સારવારની શરૂઆતથી જ તેમને કીમોથેરેપી આપવામાં આવી હતી અને એક તબક્કે તો તબીબોએ મુંબઈના એક નિષ્ણાંત સર્જનની દેખરેખમાં તેમનું ઓપરેશન કરી ડાબું ફેફસું કાઢી નાંખવું પડશે તેવું જણાવ્યું હતું પરંતુ પેલા નિષ્ણાંત વિદેશ ગયેલાં હોવાથી મુલત્વી રહ્યું હતું. અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસની એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલમાં ડૉ. અપૂર્વ પટેલની સારવાર હેઠળ વસંતભાઈએ નિર્ણય લીધો કે મારે ઓપરેશન નથી કરાવવું. એક ફેફસું તો નકામું થઈ ગયું હતું અને બીજા ફેફસાંને પણ અસર શરૂ થઈ ગઈ હોવા છતાં તેમણે 'હવે જેટલું જીવાય તેટલું બોનસ' સમજીને આધ્યાત્મિક શકિતથી આ રોગનો મુકાબલો કરવાનું નક્કી કરી લીધું. છ માસ પછી તેમની ફરી બાયોપ્સી કરાતા હવે તો ઓપરેશન શકય જ નથી તેવું નિદાન થયું અને આ પછી તેમને રેડિએશન થેરેપી પણ આપવી શકય નહોતી તેથી કીમોથેરેપીથી સારવાર આપવાનું ચાલુ રખાયું જેના પછી ટારગેટ થેરેપી અને ઈમ્યુન થેરેપી સુધી લઈ જવાઈ હતી. આ દરમિયાન તેઓ સતત દરરોજ સવારે ચારથી પોણાં પાંચ દરમિયાન 'ધ્યાન'માં બેસીને 'પ્રભુ મારા રોગ પર સીધો પ્રહાર કરી કહ્યા છે જેના કારણે મારો રોગ ધીમે ધીમે નાશ પામી રહ્યો છે' તેવા પોઝિટીવ વાઈબ્રેશન્સ પોતાના અજ્ઞાત મનને આપે છે. આ સાથે નિયમિત અનુલોમ-વિલોમ-ડીપ બ્રીધિંગ જેવા પ્રાણાયામ-વ્યાયામ પણ કરે છે જેના કારણે આટલી અઘરી સારવાર પછી પણ તેઓ સદ્દન સ્વસ્થતાથી પોતાનું કામ નિયમિત રીતે કરી શકે છે અને ઓફિસમાં તેમની મેડીકલ રજાઓ કે સીએલ પણ વપરાયા વગર જ પડી રહે છે. તાજેતરમાં તેમની લિકવીડ બાયોપ્સી માટે સેમ્પલ લઈને બેંગ્લોર મોકલવામાં આવ્યા છે જેના રિપોર્ટના આધારે તેમની આગામી સારવારની દિશા નક્કી થશે પરંતુ અત્યારે તેમની નવેસરથી કીમોથેરેપી ડબલ ડોઝ સાથે શરૂ કરી દેવાઈ છે. પોતાની સારવાર લેવા તેઓ ઘણીવાર એકલા જ જતા ત્યારે એવું પણ બનતું કે ફરજ પરના જુનિયર તબીબ દવા લખતા પૂછે કે 'પેશન્ટને હવે કેવું છે?' ત્યારે તેઓ જણાવે કે હું જ પેશન્ટ છું ત્યારે પેલા તબીબ તેમની સામે જોઈ રહેતા.

જીંદગીમાં કોઈ પણ વ્યસનથી દૂર જ રહેલા વસંતભાઈ માને છે કે 'તમે જે વિચાર કરો છો તે શરીરમાં બીજ બને છે અને પછી તે વટવૃક્ષ થાય છે, માટે હંમેશા પોઝિટીવ થીંકીંગ જ કરવું જોઈએ.' આ સાથે તેઓ યુવાનોને હંમેશા વ્યનસથી દૂર રહેવાનો સંદેશ આપતા કહે છે કે 'ક્યારેય કોઈ રોગથી ડરવું નહી, તેની સામે લડવા તમારી આધ્યાત્મિક શકિતનો ઉપયોગ કરશો તો તમને જરૂર સફળતા મળશે.'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com